ડો.બાબાસાહેબઆંબેડકર ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઇ-લાઈબ્રેરી બનાવવા અંગે ગ્રાઉન્ડ ફ્લોર પર સુધારા કરવા બાબતને ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અબડ/૧૦૧૬/૩૭૩૪૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૭/૦૩/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ અબડ/ ૧૦૧૬/૩૭૩૪૬/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તા: ૦૯/૧/૨૦૧૭નો પત્ર ક્રમાંક: અજાક- મ-૪-૭૭-૨-૨૦૧૭-૨૧૨-૨૧૪

ઠ રા વઃ-

ઉપરોકત વંચાણે લીધાં ક્રમ-૨ પરના તા. ૦૯/૧/૨૦૧૭ના પત્રથી નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણએ કાર્યપાલક ઇજનેરશ્રી, અમદાવાદ ભંડાર (મા+મ) વિભાગ, અમદાવાદ, જી. અમદાવાદના તા.૦૩/૧/૨૦૧૭ના પત્રથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઇ-લાયબ્રેરી બનાવવા માટે સદરહુ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર જરૂરી સુધારા-વધારા કરવા માટે સદરહુ કામના એસ.ઓ.આર- ૨૦૧૫-૧૬ આધારિત રૂા.૨૧,૫૩,૦૦૦/-(અંકે રૂપિયા એકવીસ લાખ ત્રેપન હજાર પુરા) ના અંદાજો નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરીને મળેલ છે. વિભાગના ઉકત વંચાણે લીધેલ ક્રમ(૧) પરના ઠરાવથી રૂ.૨૦૦ લાખ (અંકે રૂપિયા બસો લાખ પુરા) ની વહીવટી મંજુરી આપવામાં આવેલ. જેમાં ઉકત બાબત અંગે રૂ. ૨૦ લાખ (અંકે રૂપિયા વીસ લાખ પુરા) નો સમાવેશ થયેલ હોવાથી બાકી રહેલને રૂા.૧,૫૩,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર પુરા) નો ખર્ચ કરવાની મંજૂરી આપવા અંગેની દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ચાલુ વર્ષની બચત રહેતી ગ્રાંટ રૂ. ૨૨૦.૧૪ લાખમાંથી કરવાનો રહેશે. પ્રસ્તુત કામનો રૂ. ૧,૫૩,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર પુરા) નો ખર્ચ નાણાંકીય સત્તા (સોંપણી) નિયમો,૧૯૯૮ નાં વિભાગ-૪ના કોઠો નાં ક્રમ નં.૩ અનુસાર સરકારી મકાનોમાં સુધારા-વધારા કરવા માટે વહીવટી વિભાગને રૂ. ૧૦/- લાખની નાણાંકીય મર્યાદામાં ખર્ચ કરવાની

સત્તાની રૂએ ડો.બાબાસાહેબ આંબેડકર ફાઉન્ડેશન, રાણીપ, અમદાવાદ ખાતે મ્યુઝીયમ, ઇ-લાઈબ્રેરી બનાવવા અંગે ગ્રાઉન્ડ ફ્લોર પર સુધારા કરવા બાબતને રૂ. ૧,૫૩,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ ત્રેપન હજાર પુરા) ખર્ચ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ અંગે મુખ્ય સદર- ૨૨૨૫, અનુસુચિત જાતિ કલ્યાણ,અનુસુચિત જન જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદરઃ ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, બીસીકે-૪૯-ડો. આંબેડકર ભવન નિભાવ અને વિકાસ અંગેના બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૧-૩-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઘનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વસ્ત્રાપુર,અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ.
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, અમદાવાદ.
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત) અમદાવાદ
બજેટ શાખા, સા.ન્યા અને અધિ વિભાગ
કમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા અને અધિ વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ-ગ